# મહારાષ્ટ્રના પ્રધાનમંડળમાં ફેરફારના સંકેત

## લોકસભાની ચૂંટણીના પરિણામો ભાજપની તરફેણમાં આવશે તો રાધાકૃષ્ણ વિખે-પાટીલ, જયદત્ત ક્ષીરસાગર, વિજયસિંહ મોહિતે-પાટીલ ભાજપમાં આવશે, જૂનના પહેલાં જ અઠવાડિયામાં તેમને પ્રધાનપદાંની લોટરી લાગે એવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* લોકસભાની ચૂંટણીના પરિણામો હવે એક અઠવાડિયું દૂર છે ત્યારે ચુકાદા પહેલાં જ રાજ્યના પ્રધાનમંડળમાં ફેરફારના સંકેત મળી રહ્યા છે. જૂનના પહેલા જ અઠવાડિયામાં પ્રધાનમંડળમાં ફેરફાર થઈ જશે એવું જાણવા મળી રહ્યું છે.

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં ભાજપ કેટલાક નવા ચહેરાઓને તક આપવા માગે છે અને આ માટેની તૈયારીના ભાગરૂપે પક્ષમાં પ્રવેશ કરનારા કેટલાક મોટા માથાંને પ્રધાનપદાંની લોટરી લાગી જશે.

આધારભૂત સાધનો પાસેથી જાણવા મળ્યા મુજબ લોકસભાની ચૂંટણીમાં ભાજપની તરફેણમાં પરિણામો આવશે તો પછી રાધાકૃષ્ણ વિખે પાટીલ, જયદત્ત ક્ષીરસાગર, વિજયસિંહ મોહિતે-પાટીલ ભાજપમાં પ્રવેશ કરશે અને આ બધા જ નેતાઓ અત્યંત દિગ્ગજ હોવાથી તેમને પ્રધાનપદાં પણ મળશે.

સૂત્રોએ આપેલી માહિતી મુજબ રાધાકૃષ્ણ વિખે-પાટીલ પ્રધાનમંડળમાં બીજા નંબરનું સ્થાન મેળવવાના ઈચ્છુક છે. ચંદ્રકાંત પાટીલ પાસે રહેલું મહેસૂલ ખાતું તેમને મળી શકે એમ ન હોવાથી પાંડુરંગ ફૂંડકરના નિધનને પગલે ખાલી પડેલું કૃષિ ખાતું મળી શકે છે. આ ઉપરાંત બાકીના બંને નેતા મરાઠવાડાના એનસીપીના મોટા ગજાના નેતા હોવાથી તેમને પણ કેબિનેટ પ્રધાનપદું આપવામાં આવે એવી શક્યતા જોવાઈ રહી છે.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પરિણામો પહેલાં ૨૧મી મેના રોજ ભાજપની ચૂંટણી અંગેની એક અવલોકન બેઠકનું આયોજન કર્યું છે અને તેમાં લોકસભાની ચૂંટણી વખતે નારાજ લોકોની નારાજગી દૂર કરવાના પ્રયાસ કરવામાં આવશે એવું કહેવાઈ રહ્યું છે. ■

## પશ્ચિમ રેલવેએ હાથ ધર્યું સ્વચ્છતા અભિયાન

# રેલવે ટ્રેક પર કચરો નાખવાનું બંધ કરો

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* દર વર્ષે રેલવે ટ્રેકની આસપાસ કચરો જમા થવાને કારણે ચોમાસામાં ટ્રેક પર પાણી ભરાવવાના ચાન્સ વધી જતા હોવાથી આ વર્ષે ચોમાસા પહેલા રેલવે પ્રશાસન જાગીને ટ્રેકની આસપાસના રહેવાસીઓને કચરો નહીં ફેંકવાનું જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું.

ચોમાસાની તૈયારીના ભાગરૂપે દરેક જગ્યાએ નાળા-ગટરની સફાઈ કરવાનું અભિયાન ચાલુ કર્યું છે, જેમાં પહેલા તબક્કાનું કામ ૩૦મી મે સુધીમાં કામ પૂરું પાડવામાં આવશે. વિવિધ સ્ટેશન પરના નીચાણવાળા વિસ્તારમાં વરસાદનું પાણી ભરાયા પછી તેને શોષી કાઢવા માટે અત્યાર સુધીમાં વિવિધ સ્ટેશને ૧૫૪ જેટલા હાઈ પાવર ડીઝલના પંપ બેસાડયા છે. રેલવે ટ્રેક નજીકના નાળા-ગટરમાં કચરો ભરાઈ જવાને કારણે પાણી ભરાતું હોવાનું તારણ કાઢ્યા બાદ પાલિકાએ વધુ સફાઈ માટે વધારે સફાઈ કામદાર તહેનાત રાખવાની સોમવારે જાહેરાત કરી હતી. જોકે, હવે, રેલવે સ્ટેશન નજીકની ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને ટ્રેક પર કચરો-ગંદકી નહીં કરવાનું બુધવારથી અભિયાન હાથ ધર્યું છે. મુંબઈ ડિવિઝનમાં ખાસ કરીને ચર્ચગેટથી વિરાર-દહાણુ કોરિડોરના રેલવે ટ્રેક અને રેલવેના નાળા-ગટરમાં પ્રવાસીઓ અને સ્થાનિકોને કચરો નહીં નાખવાની લોકોને અપીલ કરાશે. લોકોને જાગૃત કરવા માટે રેલવે પ્રશાસન જ નહીં, પરંતુ

(જુઓ પાનું ૪) ▶▶

# વૈતરણામાં ટ્રેનમાંથી નારિયેળ ફેંકતા યુવતી ઘવાઈ

વૈતરણા રેલવે સ્ટેશન નજીક ચાલતી ટ્રેનમાંથી કોઈએ નારિયેળ ફેંકતા ૨૧ વર્ષીય યુવતીને ઈજા પહોંચી હતી. વૈતરણાના વાડીવ ગામની ૨૧ વર્ષીય વૃષાલી પાટીલ નામની યુવતી જ્યારે વૈતરણાના ૯૨ નંબરના બ્રિજ પરથી પસાર થઈ રહી ત્યારે કોઈ ચાલતી ટ્રેનમાંથી નારિયેળ ફેંક્યું ત્યારે તેના માથામાં ઈજા પહોંચી હતી. હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી ત્યારે તેના માથામાં ચાર ટાંકા લેવા પડ્યા હતા. ૨૦ દિવસ અગાઉ અહીંના જ ગામની રોહિણી પાટીલ નામની યુવતી બ્રિજ પરથી પસાર થઈ રહી ત્યારે ચાલતી ટ્રેનમાંથી કોઈએ નારિયેળ ફેંકતા યુવતી ઘવાઈ હતી.

આ પ્રકારના વધતા બનાવ મુદ્દે સ્થાનિકોએ કહ્યું હતું કે અહીંના વાડિવ અને વૈતિપડા ગામના સેંકડો રહેવાસીઓને પોતાનો જીવ જોખમમાં મૂકીને બ્રિજ પાર કરવો પડે છે. વૈતરણા રેલવે સ્ટેશન પહોંચવા માટે પુલની નજીકના એક સાંકડા રસ્તામાંથી પસાર થવું પડે છે એના સિવાય લોકો પાસે બીજો કોઈ વિકલ્પ નથી. એટલું જ નહીં, સ્થાનિક લોકોએ કહ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▶▶

# વિધાન પરિષદની ખાલી પડેલી એક જગ્યાની ચૂંટણી જાહેર

## વિધાનસભ્યોમાંથી ચૂંટાઈ આવનારા આ સભ્ય માટે ભાજપને સફળતા મળે એવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* વિધાન પરિષદની ખાલી પડેલી એક બેઠક માટે પેટાચૂંટણી જાહેર કરવામાં આવી છે. કોંગ્રેસના વિધાન પરિષદના સભ્ય શિવાજીરાવ દેશમુખના મૃત્યુને કારણે ખાલી પડેલી આ બેઠક પર પેટાચૂંટણીમાં ભાજપને લાભ થવાની શક્યતા જોવાઈ રહી છે. આ સાથે ભાજપના સભ્યોનું સંખ્યાબળ વિધાન પરિષદમાં વધશે.

વિધાન પરિષદની ખાલી પડેલી બેઠક પર સાતમી જૂને મતદાન થશે અને તે જ દિવસે આ બેઠકની ચૂંટણીનું પરિણામ પણ જાહેર કરી દેવામાં આવશે. આ બેઠક પર ભાજપ કોને ઉમેદવારી આપે છે તે જોવાનું રહેશે. આ બેઠક પર ચૂંટાઈ આવનારા સભ્યને બે વર્ષની પૂરી મુદત નહીં મળે, તેની મુદત ૨૪ એપ્રિલ, ૨૦૨૦ સુધીની એટલે કે ફક્ત ૧૦ મહિનાની રહેશે.

અત્યારે વિધાન પરિષદમાં કોંગ્રેસના ૧૬,

(જુઓ પાનું ૪) ▶▶



**બોલો, કઈ રીતે જશો?** જોખમી બ્રિજના મરમ્મત યા નવા બનાવવાની કવાયત હાથ ધરવામાં આવતા પશ્ચિમ રેલવેમાં દાદરના બ્રિજને મરમ્મત માટે મંગળવારથી બંધ કરાયો હતો. જોકે, દાદરના ચાર નંબરના પ્લેટફૉર્મ પરથી લોકો સીડીનો ઉપયોગ ન કરે તેના માટે પ્રશાસન દ્વારા પોલીસને તહેનાત રાખવાની સાથે અવરોધ ઊભો કરવા માટે સ્ટીલના બાંકડાથી સીડીને કોર્ડન કરવામાં આવી હતી. (નિકોલસ ચાર્ડે)

# કોસ્ટલ રોડના કામને કારણે ચોમાસામાં પાણી ભરાશે?

## સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનનું વિસ્તારીકરણ કરવાનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* દક્ષિણ મુંબઈમાં કોસ્ટલ રોડનું કામ ચાલી રહ્યું છે તે વિસ્તારમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાઈ જવાની શક્યતા હોવાનું જણાઈ આવતા અહીં રહેલી સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનને દરિયામાં હજી આગળ સુધી એટલે કે કોસ્ટલ રોડની બાઉન્ડ્રી સુધી લઈ જવાનો પાલિકા પ્રશાસને આદેશ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે.

નેપિયન-સી રોડથી વરલી સુધીના પટ્ટામાં છથી સાત ડ્રેન્સ અને આઉટલેટ આવેલા છે, ત્યારે ચોમાસામાં વરસાદનું પાણી દરિયાના કિનારા વિસ્તારમાં ફરી વળે નહીં અને તે છેક અંદર દરિયામાં જ ફેંકાય તે માટે આ સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનને છેક દરિયામાં અંદર સુધી એટલે કે નવા બાંધવામાં આવનારા કોસ્ટલ રોડની બાઉન્ડ્રી સુધી લઈ જવામાં આવવાના છે.

આ દરમિયાન પર્યાવરણ નિષ્ણાતોએ કોસ્ટલ રોડનું કામ

(જુઓ પાનું ૪) ▶▶

# શરદ પવારના નિવેદનને અજિત પવારે જ આપ્યો રદિયો

## ઈવીએમ અંગે ઉપસ્થિત કરવામાં આવેલી શંકાને અયોગ્ય ગણાવતાં કહ્યું કે એવું હોત તો પાંચ રાજ્યોમાં સત્તા પરિવર્તન જ ન થયું હોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* એનસીપીના નેતા અજિત પવારે ઈવીએમ સંદર્ભે એનસીપી સુપ્રીમો શરદ પવાર દ્વારા કરવામાં આવેલા નિવેદનને રદિયો આપીને સનસનાટી ફેલાવી દીધી છે અને આના પરથી કાકા-ભાત્રીજા વચ્ચે બધું સમુસૂતરું ન હોવાના એંધાણ મળી રહ્યા છે.

પુણેમાં એક કાર્યક્રમ માટે આવેલા અજિત પવારે ઈવીએમના ઉપયોગ અંગે ઉપસ્થિત કરવામાં આવી રહેલી શંકાને પાયાવિહોણી ગણાવતાં કોઈનું પણ નામ લીધા વગર કહ્યું હતું કે 'જો ઈવીએમ સાથે ચેડાં કરી શકાતા હોત તો પાંચ રાજ્યોમાં ભાજપનો પરાજય થયો ન હોત.'

અજિત પવારે પાંચ રાજ્યોના નામ આપ્યા નહોતા, પરંતુ જે પાંચ રાજ્યોમાં આવી સ્થિતિ સર્જાઈ એમાં રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, તેલંગણા અને મિઝોરમનો સમાવેશ થાય છે, જેની ચૂંટણી ગયા વર્ષના નવેમ્બર

(જુઓ પાનું ૪) ▶▶

# લાંબા અંતરની ટ્રેનોમાં ગુનાઓ પર અંકુશ માટે નવી સેફ્ટી સિસ્ટમ

## ૨૦૧૯માં ૭,૨૫૪ ગુનામાંથી ૨૧૯ ઉકેલાયા, ૨૩૧ જણ પકડાયા

*મુંબઈઃ* મધ્ય રેલવેમાં છેલ્લા બે વર્ષથી અમુક ટ્રેનોમાં ચોરી-લૂંટફાટ સહિત અન્ય ગુનાના પ્રમાણમાં થયેલા વધારા બાદ તેના પર નિયંત્રણ માટે નવી સિક્યોરિટી સિસ્ટમ અપનાવાઈ છે, જેમાં ખાસ કરીને ગુનાઓ માટે સૌથી વધારે સંવેદનશીલ ટ્રેનોમાં પોલીસનું સરપ્રાઈઝ ચેકિંગનું પ્રમાણ વધારવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મધ્ય રેલવેના મુંબઈ ડિવિઝનની લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનોમાં (જાન્યુઆરીથી એપ્રિલ મહિનાના આંકડા અનુસાર) અત્યાર સુધીમાં વિવિધ પ્રકારના ૭,૨૫૪ કેસ નોંધાયા છે, જેમાં ૨૧૯ જેટલા ગુનાનું નિરાકરણ આવ્યું હતું. વિવિધ પ્રકારના ગુનાના કિસ્સામાં પોલીસે માંડ ૨૩૧ જણની ધરપકડ કરી હતી, જ્યારે

(જુઓ પાનું ૪) ▶▶

# દાદર ટીટી ફ્લાયઓવર નીચે ગાર્ડન

## માટુંગામાં સફળ પ્રયોગ બાદ હવે ₹ ૪.૫ કરોડના ખર્ચે બનશે બીજું ગાર્ડન

*મુંબઈઃ* માટુંગામાં ફ્લાયઓવર નીચે ગાર્ડન બનાવવાની યોજનાને મળેલા સારા પ્રતિસાદ બાદ હવે જગન્નાથ શંકર શેઠ ફ્લાયઓવર જે દાદર ટીટી ફ્લાયઓવરના નામે પણ જાણીતો છે, તેના નીચે આવી જ યોજના હાથ ધરવાની તૈયારી પાલિકા કરી રહી છે. આ માટેના પ્રસ્તાવને પહેલાથી મંજૂરી પણ મળી ગઇ હતી, પરંતુ ચૂંટણી માટેની આચારસંહિતા લાગુ હોવાને કારણે આ કામ અટકી પડ્યું હતું.

દાદર પૂર્વમાં રૂ. ૪.૫ કરોડના ખર્ચે આ પ્રકલ્પ હાથ ધરાશે જેમાં જોગિંગ પાર્ક, વૉકવે, બાળકો માટે રમવાની જગ્યા, વરિષ્ઠ નાગરિકો માટે બેઠકો વગેરે હશે. આ પાર્કમાં એવા છોડવાઓ લગાવવામાં આવશે જેને ઓછા સૂર્યપ્રકાશની જરૂર હોય. આ પ્રકલ્પ ટૂંક સમયમાં હાથ ધરાશે અને આગામી

(જુઓ પાનું ૪) ▶▶

# યુપીથી અપહરણ કરાયેલી બે કિશોરીને વસઈથી છોડાવીઃ આરોપીની ધરપકડ

*પાલઘરઃ* ઉત્તર પ્રદેશથી કથિત રીતે અપહરણ કરાયેલી બે કિશોરીનો પાલઘર જિલ્લાના વસઈ ખાતેથી સહીસલામત છુટકારો કરાવવામાં પોલીસ સફળ રહી હતી.

કિશોરીને છોડાવી મૂળ ઉત્તર પ્રદેશના આરોપીની અપહરણના આરોપસર ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ૧૬ અને ૧૭ વર્ષની બન્ને કિશોરીના પરિવારજનો દૂરના સગા થતા હોવાનું જાણવા મળ્યું હતું. બન્ને જણ ઉત્તર પ્રદેશના મહારાજગંજ જિલ્લાના સોનોલી ખાતે રહેતા તેમના સગાંને ત્યાં રહેતી હતી. બેમાંથી એક કિશોરી બારમાની પરીક્ષામાં નપાસ થઈ હોવાથી માનસિક તાણમાં હતી.અધિકારીએ

(જુઓ પાનું ૪) ▶▶

# સોનાના દાગીના બનાવનારા કારીગરની હત્યાનો ભેદ ઉકેલાયોઃ સગાની ધરપકડ

## પત્નીને ભડકાવી પોતાનાથી દૂર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવ્યાની શંકા પરથી કરી હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* મલાડમાં સોનાના દાગીના બનાવનારા કારીગરની આંખમાં તીક્ષ્ણ વસ્તુ ભોંકી હત્યા કર્યા બાદ સોના અને રોકડની લૂંટ ચલાવવાના કેસમાં પોલીસે મૃતકના દૂરના સગાની ધરપકડ કરી હતી. બિયરબારમાં રૂપિયા ઉડાવનારા આરોપીની બધી હકીકત તેની પત્નીને કહી દામ્પત્ય જીવનમાં તડા ઊભા કરવાની શંકા પરથી હત્યા કરવામાં આવી હોવાનું તપાસમાં જણાયું હતું.

દિંડોશી પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ હેમંત સાગરમલ સોની (૨૮) તરીકે થઈ હતી. કોર્ટે આરોપીને સોમવાર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે.

મલાડ પૂર્વના ખોતકૂવા રોડ ખાતેની ઓમપ્રકાશ સિંહ ચાલમાં રહેતા નીતેશ હિંમતલાલ સોની (૨૭)નો મૃતદેહ ૧૧ મેની સાંજે તેના ઘરના માળિયા પરથી મળી આવ્યો હતો. આ પ્રકરણે દિંડોશી પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે જ્વેલર્સે દાગીના બનાવવા આપેલું અંદાજે ૧૦ લાખ

(જુઓ પાનું ૪) ▶▶

# માર્ચ સુધીમાં ૬૧૦ ખેડૂતની આત્મહત્યા

## ૨૦૧૮ કરતાં ૧૨ ટકા ઘટાડો



*મુંબઇઃ* પુણે અને નાશિકને બાદ કરતા મહારાષ્ટ્રમાં ૨૦૧૮ના પ્રથમ ત્રણ મહિનાની સરખામણીમાં ૨૦૧૯ના પ્રથમ ત્રણ મહિનામાં ખેડૂતોની આત્મહત્યામાં ૧૨ ટકા ઘટાડો થયો છે. નોંધપાત્ર રીતે છેલ્લાં બે વર્ષથી રાજ્યમાં ખેડૂતોની આત્મહત્યામાં ઘટાડો થઇ રહ્યો છે. ૨૦૧૮માં ૨,૭૬૧ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી અને ૨૦૧૭માં ૨,૯૧૭ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી.

રાહત અને પુનર્વસન વિભાગ દ્વારા એકત્ર કરવામાં આવેલા ડેટામાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૮ના જાન્યુઆરીથી માર્ચની વચ્ચે ૬૯૪ આત્મહત્યાની સરખામણીમાં ૨૦૧૯ના જાન્યુઆરીથી માર્ચની વચ્ચે ૬૧૦

(જુઓ પાનું ૪) ▶▶

## હવે વેધશાળાની સત્તાવાર જાહેરાત

# મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ચોમાસું મોડું

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* દેશમાં આ વર્ષે છઠ્ઠી જૂનના ચોમાસાનું આગમન કેરળમાં થશે એવી આગાહી ભારતીય હવામાન ખાતાએ કરી છે ત્યારે તેને કારણે મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં પણ ચોમાસું મોડું બેસવાનો અંદાજો હવામાન ખાતાએ વ્યક્ત કર્યો છે. કેરળમાં ચાર જૂનના ચોમાસાનું આગમન થશે એવી આગાહી ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટે કર્યા બાદ બુધવારે ભારતીય હવામાન ખાતાએ આ વર્ષે ભારતમાં ચોમાસાને બેસવામાં વિલંબ થશે અને કેરળમાં છઠ્ઠી જૂનના ચોમાસું બેસશે એવી આગાહી કરી છે. કેરળમાં ચોમાસું મોડું બેસવાનું છે તેની અસર મુંબઈ સહિત મહારાષ્ટ્રને પણ થવાની છે. મુંબઈમાં સામાન્ય રીતે ૧૦ જૂન સુધીમાં ચોમાસું બેસી જતું હોય છે પણ આ વખતે ચાર-પાંચ દિવસ હજી મોડું બેસે એવી શકયતા છે. ગયા વર્ષે મહારાષ્ટ્રના વિદર્ભ અને મરાઠવાડામાં વરસાદ પડયો નહોતો તેને કારણે આ વર્ષે રાજ્યમાં દુકાળ પડયો છે. તેથી આતુરતાથી ચોમાસાની રાહ જોવાઈ રહી છે અને ખેડૂતો પણ આશા માંડીને બેઠા છે, ત્યારે ચોમાસું મોડું પડે તો અહીં સમસ્યા વધુ વિકટ થવાની સંભાવના છે.

આ દરમિયાન બુધવારે પણ વિદર્ભમાં ગરમીનો પ્રકોપ ચાલુ જ રહ્યો હતો. બ્રહ્મપુરીમાં ૪૬.૪ ડિગ્રી, અમરાવતીમાં ૪૩.૬ ડિગ્રી, બુલઢાણામાં ૪૦.૨ ડિગ્રી, વર્ધામાં ૪૪.૫ ડિગ્રી, ગઢચિરોલીમાં ૪૩.૬ ડિગ્રી, ગોંડિયામાં ૪૩.૦ ડિગ્રી જેટલું નોંધાયું હતું. તો મરાઠવાડામાં પરભણીમાં ૪૩.૮ ડિગ્રી, ઉસ્માનાબાદમાં ૪૧.૭ ડિગ્રી, નાંદેડમાં ૪૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે મધ્ય મહારાષ્ટ્રમાં જળગાંવમાં ૪૧.૪ ડિગ્રી, બારામતીમાં ૩૯.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ■

# દાદરના દેરાસરમાંથી ચાંદીની પ્રતિમા ચોરનારો પકડાયો

*મુંબઈઃ* દાદરના દેરાસરમાંથી પાંચ કિલો ચાંદીની પ્રતિમા ચોરનારા શખસને પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે પકડી પાડ્યો હતો. આરોપીએ ૧.૨ લાખ રૂપિયામાં પ્રતિમા વેચી દીધી હોવાની કબૂલાત કરતાં પોલીસે તે ફરી હસ્તગત કરી હતી.

શિવાજી પાર્ક પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ રમેશ પરુળેકર (૪૮) તરીકે થઈ હતી. ડ્રગ એડિક્ટ પરુળેકર જૂહુ તારા રોડ નજીક ગાંધી નગર ઝૂંપડપટ્ટીમાં રહેતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ૨૬ માર્ચની સાંજે દાદરના દેરાસરમાંથી જૈન તીર્થંકર મુનિસુવ્રતનાથની ચાંદીની પ્રતિમા ચોરાઈ હતી. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી તપાસ માટે અધિકારીઓની વિશેષ ટીમ બનાવવામાં આવી હતી.

પોલીસે દેરાસરના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજની ચકાસણી કરતાં આરોપીની ઓળખ થઈ હતી. નશાનો બંધાણી આરોપી રોજ માહિમમાં રેતી બંદર ખાતે આવતો હોવાની માહિતી ખબરી

(જુઓ પાનું ૪) ▶▶

માથેરાન
USHA ASCOT SM
કુદરતી ઠંડક, લાજવાબ રિસૉર્ટ
સમર પેકેજ
Mumbai: 22078292 / 8191 / 9619678292
Matheran: (02148)230360/113/216
M: 09422493969 / 09637275605
booking@ushaascot.com
માથેરાનમાં જૈન મંદિર પાસે | Sunday Open

MAHABALESHWAR
HOTEL Rajesh
Pure Veg.
stay@hotelrajesh.com
A/C & Non-A/C Rooms / Swimming Pool, Garden & Indoor Games
For Booking Enquiry Contact
Ph. 26118994 / 26118995
26631506 / 09769894565
Online Payment Facilities Available
www.hotelrajesh.com

"MUMBAI SAMACHAR" newspaper (Periodicity-Daily) Printed and Published at their press "Mumbai Samachar" by Meherwanji Rustomji Cama at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001, on behalf of the owners The Bombay Samachar Pvt. Ltd. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**